ગાંધીનગર સમાચાર
તા. ૧-૧-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

વેલકમ ૨૦૧૪

ચૌદ વર્ષ પૂર્વે એકવીસમી સદીના શુભારંભના સાક્ષી બનેલા આપણે આ દોઢ દાયકાથી ઓછા સમયગાળામાં કેવી અવઢવ અનુભવી રહ્યા છીએ! આપણે કૂદકે ને ભૂસકે આગળ ધસી વિશ્વની મહાસત્તા તરીકે સ્થાપિત થવા મથતા ભારતને એક વિચિત્ર વળાંકે સ્થિર થઇ ગયેલું નિહાળી હવે નવી આશાઓ અને અરમાનો સાથે ધીમે પગલે યાત્રાના નવા ચરણ ભણી આગળ વધીશું, કારણે ચાલવું, સતત બદલાતા રહેવું એ જીવનનો સ્વભાવ છે. અલબત્ત એ ચાલમાં છેલ્લા વર્ષ દરમિયાન ખાસ્સી ઢીલાશ આવી ગઇ છે. ખોડંગાઇ ગયેલા અર્થતંત્રને મંદીની મારથી બચાવવાના તજ્ઞ અર્થશાસ્ત્રી વડાપ્રધાન કે નાણાં પ્રધાનનાં પ્રયાસો પરિણામદાયક નથી નીવડ્યા. દુખિયારી પ્રજાએ એમનો લાંબા વખત સુધી ભરોસો રાખ્યો, આખરે ધીરજ ખૂટી ગઇ ત્યારે અંદરનો આફરો ચાર વિધાનસભાઓની ચૂંટણીમાં કાઢી પણ બતાવ્યો. પ્રજાની સહનશક્તિને પણ એક ચોક્કસ લિમિટ હોય છે. એ લિમિટ વળોટવી એને ગમતી નથી, પરંતુ વધુ વખત લગી વ્યથા જીરવવાનું પણે નથી ગમતું હોતું. દૂર ક્ષિતિજ પર કોઇ આગિયો ઝબૂકતો દેખાય તો પેલા નિસ્તેજ સૂરજના ગણી પૂજવા માંડે છે. દિલ્હીની કેજરીવાલ ઘટા પ્રજાનો આવો જ એક ઐતિહાસિક પ્રતિસાદ છે.

કેજરીવાલની ભ્રષ્ટાચારીઓમાં ભારે ધાક ઊભી થઇ છે. એને મીડિયા 'કેજરીવાલ ઇફેક્ટ' તરીકે ઓળખાવવા લાગ્યા છે. આવી કોઇ મોદી ઇફેક્ટ ગુજરાતમાં નથી, એ સ્વીકારવું જ રહ્યું. રાહુલ વાતો તો મોટી મોટી કરે છે પરંતુ પ્રજામાં એમના નામનો કોઇ ડર ઊભો નથી થયો. રામરાજયમાં પણ પ્રજામાં આવો એક 'પોઝિટિવ' ડર હતો. ૨૦૧૪ માં જાણે રામનો ચૌદ વરસનો વનવાસ પૂરો થવાનો હોય એવા ઉમંગ સાથે રામલીલા મેદાન લાખોની સ્વયંભૂ મેદનીથી ઊભરાઇ ગયું. નરેન્દ્ર મોદીએ જનમાનસના અભ્યાસ થકી વિશાળ પ્રચારતંત્ર અને અઢળક નાણાંની રેલંછમ છતાં જે સિદ્ધ નહોતું કર્યું તે કેજરીવાલ અને એમની આમ આદમી પાર્ટીએ લોકોના ખર્ચે અને જોખમે હાંસલ કર્યું છે તે ૨૦૧૩ની ભારતીય પ્રજાને સાંપડેલી અણમોલ ભેટ છે. પ્રજામાં સ્વયંભૂ જુવાળ ઊભો થાય છે ત્યારે એ શક્ય-અશક્યની ચર્ચા કે નુકતેચીનીમાં પડયા વિના આંખો મીચીંને કૂદી પડતી હોય છે. દિલ્હી જેવા વિશ્વનગરમાં લોકો નવરા તો છે નહીં કે ગામ ગપાટા મારવા ભેગા થઈ જાય! પરંતુ ભારતનું હૃદય (હિંદુસ્તાન કા દિલ) ગણાતી દિલ્હી પેલી દામિનીના દુઃખમાં પણ રસ્તાઓ પર ઊતરી આવી હતી અને અદલ એ જ સ્ટાઈલમાં એણે અણ્ણા આંદોલનને સમર્થન આપ્યું હતું. પછી અણ્ણા અને કેજરીવાલ વચ્ચે રાજકારણના કીચડમાં પડવા- ન પડવા મુદ્દે તાત્વિક ચર્ચા થઈ ત્યારે નાના કદના કેજરીવાલે કીચડ સાફ કરવા માટે કીચડમાં ઊતરવું જ રહ્યું એવો અભિગમ દાખવી અણ્ણાની ખફગી વહોરી, કિરણ બેદીની ગર્ભિત ભાજપ સમર્થન થિયરી સામે પોતાનું વજૂદ ઊભું કરી ભ્રષ્ટ રાજકારણીઓ સામે સામી છાતીએ લડી લેવાનો સંકલ્પ લીધો, તેને પ્રજાએ વધાવી લીધો. પ્રજાને એક વિકલ્પ ખપે છે. એ વિકલ્પ મોદી હોય તોય કબૂલ અને મોદીની સરખામણીમાં વામણા પરંતુ વાણી-વર્તન અને સાદાઈમાં ચડિયાતા કેજરીવાલ ઊપસી આવતા હોય તોય વાંધો નહીં. કેજરીવાલનો ઉદયએ ૨૦૧૪ના આગમનની આશાસ્પદ અહાલેક છે, આલબેલ છે. બનવાજોગ કે પ્રજાની આકાંક્ષા મુજબ એ કસોટીની એરણે ચડ્યા પછી ખરા ન પણ ઊતરે. પરંતુ એક નવા અને વધુ પોતીકા પરિબળ લેખે પ્રજાએ એમને અજમાવવાની તક ઝડપી લીધી છે. હવે દડો કેજરીવાલની કોર્ટમાં છે. કેજરીવાલને દિલ્હીએ ઊંચકી લીધા એમ દેશ ઊંચકી લેશે એમ માની લેવું વધુ પડતું ગણાશે. દેશ અને દિલ્હી વચ્ચે ઘણો ફરક છે. જો કે બીમાર હોવા છતાં કેજરીવાલે દિલ્હીવાસીઓને મફત પાણીનું આપેલું વચન પહેલી જાન્યુઆરીથી જ અમલી બનાવી એક સારી શરૂઆત કરી છે, તેથી એક નેતા તરીકે એમની વિશ્વસનીયતા જરૂર વધી છે. હવે તેઓ વીજબિલમાં રાહતવાળું લોકપ્રિય પગલું લેશે અને પછી જનલોકપાલ મુદ્દે સીધા જ કેન્દ્ર સરકાર સાથે ભિડાશે. કેન્દ્ર જેટલું નડશે એટલું કોંગ્રેસને નુકસાન જ થવાનું છે. ડૉ. મનમોહનસિંહ હવે હારેલા-થાકેલા વડાપ્રધાન છે. એમણે પોતે ત્રીજી ટર્મ માટે વડાપ્રધાનપદું નહીં ઈચ્છતા હોવાની જાહેરાત ન કરી હોત તો પણ પાર્ટી એમને વિદાય જ આપવાની હતી. હવે પછી જે કંઈ છે તે રાહુલ ગાંધી છે. એમની શુદ્ધ દાનત અને કંઈ કરી છૂટવાની વૃત્તિ વિશે પ્રજાને શંકા નથી પરંતુ એમની સામે યુપીએ સરકારની નિષ્ફળતાનો 'ભવ્ય' વારસો છે, મોંઘવારી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓનો કોઈ ઉકેલ નહીં મળતો હોવાથી પ્રજાએ મોં ફેરવી લીધું છે. મોદીમાં એમને આશાનું કિરણ દેખાયું છે. મોદીના બધા ગુના માફ કરી દઈ પ્રજા એમની સભાઓમાં ઊમટી રહી છે. એક સમયે હાંસિયે ધકેલાઈ ગયેલ ઍનડીએનું કદ ધીરેધીરે વિસ્તરવા લાગ્યું છે. પરંતુ સામે જયલલિતા- મમતા- નીતીશ અને મુલાયમ કે પટનાયક જેવા પ્રાદેશિક ક્ષત્રપ હથિયાર સજી રહ્યા છે. કેજરીવાલ ઘટનાએ સમીકરણો બદલી નાખ્યાં છે. ગુજરાતમાં વયોવૃદ્ધ કેશુબાપાને ખૂણે ધકેલી આખેઆખી ગુજરાત પરિવર્તન પાર્ટી કેજરીવાલની 'આપ'પાર્ટીનું એકમ બની જાય એવી પૂરી સંભાવના છે. કેજરીવાલ ઍન્ડ કંપની સો બેઠકો ઝનૂન પૂર્વકે લડવા કૃત સંકલ્પ છે. કુલ ૩૦૦ બેઠકો પર ઉમેદવારો મૂકવાનો ઈરાદો ધરાવતા કેજરીવાલને નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીના વિકલ્પ તરીકે રજૂ કરાશે ત્યારે દેશની સંવેદનશીલ પ્રજા કોના શિરે કળશ ઢોળી જેશે, એની આગાહી કરવી મુશ્કેલ છે પરંતુ કુદરત જે કરશે તે સારું જ કરશે અને જે ફેરફારો આવશે એ ભારતીય લોકશાહીને વધુ મજબૂત કરનારા હશે. એટલી આગાહી કરવામાં કોઈને ભાગ્યે જ વાંધો હોઈ શકે. ૨૦૧૪ એ રીતે પ્રજાની આશાઓ અને અરમાનોનું વર્ષ નીવડવાનું છે. એક નવા યુગના પ્રારંભે આપણે આપણી જાતને જ શુભ કામનાઓ પાઠવી દઈએ- 'શિવાસ્તે સન્તુ પન્થાનઃ।'

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં મલ્ટીપરપઝ હોલ ખાતે યોજાયેલી
રાજય કક્ષાની કરાટે ચેમ્પિયનશીપમાં ૧૨ ગોલ્ડ મેડલ્સ સાથે ગાંધીનગરની ટીમ ત્રીજા સ્થાને

ગાંધીનગર, તા.૩૧

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડો એકેડમી, ગુજરાતનાં સહયોગથી ગાંધીનગરમાં રાજય કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં મલ્ટીપરપઝ હોલમાં ૨૯મી ડિસેમ્બરનાં રવિવારે યોજાયેલી આ સ્પર્ધામાં ૧૦ જિલ્લાનાં ૪૬૪ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઉદઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખો શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રીમતી અમીબહેન શાહ સહિત રોટેરીયન ડૉ. અંકુર પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતાં.

વાડોકાઈ કરાટે-ડો એકેડમીનાં ટેકનિકલ ડાયરેકટર ઓ'સેનસાઈ શ્રીઅરવિંદભાઈ રાણાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ સ્પર્ધા ખુલ્લી મુકવાની ઘોષણા કરી હતી. સવારથી જ એક સાથે સાત રીંગમાં ખેલાડીઓએ પોતાનું કૌવત દેખાડવાનું શરી કરી દીધું હતું.

આ સ્પર્ધામાં સૌથી વધુ ૨૭ ગોલ્ડ મેડલ્સ મેળવી આણંદ જિલ્લાની ટીમ પ્રથમ સ્થાને રહી હતી. જયારે પોરબંદર જિલ્લાની ટીમ ૧૫ ગોલ્ડ મેડલ્સ સાથે દ્વિતીય અને ગાંધીનગરની ટીમ ૧૨ ગોલ્ડ મેડલ્સ સાથે તૃતીય સ્થાને રહી હતી. સ્પર્ધાના સમાપન પ્રસંગે ઉપસ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં રીજીયોનલ ડાયરેકટર શ્રી આર.કે. નાયડુ, ગુજરાત રાજયનાં પૂર્વ પોલીસ વડા તથા કરાટે એસો.ના સંરક્ષક શ્રી પી.કે. બંસલ, ચેરમેન શ્રી રાજેશ અગ્રવાલ, ટેકનિકલ ડાયરેકટર શ્રી અરવિંદ રાણા વગેરે મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા ટીમને તથા રનર્સ અપ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

જીટીયુના નિર્ણયથી મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ મુંઝાયા

કોંગ્રેસના અનેક અગ્રણીઓ દ્વારા યુનિવર્સિટીના નિર્ણયને પરત ખેંચવા માંગ કરાઈ : જીટીયુ ઉપર દબાણ વધારાયુ

અમદાવાદ, તા.૩૧

રાજયની ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી એમબીએ, એમસીએ અને એમઈના વિદ્યાર્થીઓને ચાલુ સાલે અભ્યાસે ખાનગી નોકરી પર રોક લગાવવાનો તઘલખી નિર્ણય કરતા મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ મુંઝાયા છે. ત્યારે આ નિર્ણય યુનિવર્સિટી દ્વારા પરત ખેંચાય તે હેતુસર કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા રાજ્યપાલને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. ઉચ્ચશિક્ષણને પામવા સામાન્યવર્ગના એમબીએ, એમસીએ તેમજ એમઈના અનેક વિદ્યાર્થીઓ શિક્ષણના ખર્ચને પહોંચી વળવા અને મોંઘવારીની ઝપટમાં કુટુંબને આર્થિક મદદગાર થવા ખાનગી નોકરી કરતા હોય છે. જે સામાજીક કે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ નથી. સ્વતંત્ર ભારત રાષ્ટ્રમાં દરેક નાગરિકને સ્વતંત્રતાનો અધિકાર છે. ત્યારે ઉચ્ચ શિક્ષણ એમબીએ, એમસીએ અને એમઈના ખર્ચને પહોંચી વળવા આ વિભાગીય વિદ્યાર્થીઓને પાર્ટટાઈમ કે ફુલટાઈમ કામકાજ કરી આર્થિક ખર્ચને પહોંચી વળવા શિક્ષણ સાથે આર્થિક ઉત્થાનનું જે કાર્ય કરે છે. તેના પર ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા રોક મારીને આવા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણથી વંચિત રાખવા સમાન છે. ત્યારે યુનિવર્સિટીના આવા નિર્ણયની વિરુદ્ધમાં કોંગ્રેસના યુવા અગ્રણી દ્વારા રાજ્યપાલને લેખિતમાં રજૂ કરી યુનિવર્સિટીના ઉક્ત નિર્ણયને પરત ખેંચવા માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે, એમઈ-એમફાર્મ, એમબીએ-એમસીએ જેવી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નોકરી કરવાના બહાનાતળે કોલેજમાં ગેરહાજર રહેતા હોવાથી તેમના શિક્ષણ પર અસર પડે છે. તેવો તર્ક રજુ કરીને જીટીયુએ જે વિદ્યાર્થીઓ નોકરી કરતા હોય તેમને નોકરી કરવી નહીં તેવી તાકીદ કરી હતી. એટલુંજ નહીં જો કોઈ વિદ્યાર્થી નોકરી કરતો પકડાય તો તેનો પ્રવેશ રદ કરવામાં આવશે તેવી ચેતવણી પણ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

હરિની દૃષ્ટિ...

કાલે રાત્રે થર્ટી ફર્સ્ટની ફ્રીંક પાર્ટીમાં આવેલ તમારા મિત્રો. સવારમાં આપણને 'સાલ મુબારક' કરવા આવ્યા છે.... અંદર લાવું ?

જીસીઈઆરટી ભવન ખાતે કલાઈમેટ ચેઈન્જ વિષય પર વર્કશોપ યોજાશે

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે આવેલ સરકારી વિનયન કોલેજના ભૂગોળ વિભાગ અને ગુજરાત સરકારના કલાઈમેટ ચેઈન્જ વિભાગના સંયુકત ઉપક્રમે આજે ૧ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ જીસીઈઆરટી ગાંધીનગર ખાતે કલાઈમેટ ચેઈન્જ વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ કલાઈનમેટ ચેઈન્જ વિષય પર યોજાનાર વર્કશોપમાં આઈ. એફ. એસ. અધિકારી સી.એન. પાંડે, ભરત પાઠક, ડૉ. ઝરણા પાઠક, ડૉ. શીતલ શુકલા ઉપસ્થિત રહેશે. ગુજરાતની વિવિધ કોલેજ ના જુદા જુદા વિષયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પણ હાજર રહેશે અને કલાઈમેટ ચેઈન્જ અંગે વિચાર વિમર્શ કરશે. વિનયન કોલેજ ગાંધીનગરના ભૂગોળ વિભાગના અધ્યક્ષા-આચાર્ય નિયતિબેન મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ રાજય સરકારના કલાઈમેટ ચેઈન્જના દિશા સૂચન હેઠળ કરવામાં આવશે.

શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

કોલવડા ખાતે આવેલી કે.કે. પટેલ વિદ્યાલય દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

આચાર્યા ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ શૈક્ષણિક પ્રવાસમાં વેસ્ટ પોર્ટ, અદાણી કન્ટેનર, શાંતિ વિહાર કેમ્પસ, ફોર્ચ્યુન ખાદ્યતેલ રિફાઈનરી, શાંતિનાથ મહાદેવ જેવા પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. પ્રવાસમાં ૭૬ વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો બાબુભાઈ પ્રજાપતિ, નારણભાઈ પટેલ, ગિરીશભાઈ પટેલ અને પ્રવિણાબેન પ્રજાપતિ જોડાયા હતા.

જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ રાજેન્દ્ર શાહની જન્મ શતાબ્દી સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના પ્રેસિડેન્ટની ઉપસ્થિતિમાં ઉજવાઈ
હિંદી, બંગાળી, ઉડિયા અને ગુજરાતીની શીર્ષસ્થ કવિઓની ઉપસ્થિતિમાં યોજાયો ભારતીય કવિતા મંચ

'ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર....', 'આપણે એકબીજાના સંગમાં રાજી રાજી...' આ પંક્તિઓ યાદ કરી આજેય ગુજરાતી ભાષકનો કંઠ સૂરમય અને શબ્દ પોતીકો બની જાય છએ. આ કૃતિઓના સર્જક ગુજરાતી સાહિત્યના જ્ઞાનપીઠ વિજેતા કવિ રાજેન્દ્ર શાહના જન્મ શતાબ્દી વર્ષની વિશિષ્ટ ઉજવણી

તાજેતરમાં સંપન્ન થઈ ગઈ. નડિયાદની ભૂમિથી શરૂ થયેલી યાત્રા સર્જકના જન્મ સ્થળ કપડવંજના મુકામે રોકાઈ વલ્લભવિદ્યાનગરના પ્રાંગણમાં વિરમી હતી. એક એવો પરિસંવાદ જેમાં ત્રણ સ્થળ અને વિવિધ કલાઓને આવરી સર્જકની સર્જકતા અને ભાવવિશ્વને ઉજવવામાં આવ્યા હોય. તા. ૨૦-૨૧-૨૨ ડિસેમ્બરના રોજ 'પ્રણતિ-પરિપ્રશ્ન-પ્રસ્તુતિ' રૂપે રાષ્ટ્રીય સ્તરે અનેક વિદ્વાન, વિદ્યાપ્રેમી, સાહિત્યપ્રેમીઓ અને વિદ્યાર્થીઓની સાથે ગુજરાતી અને અન્ય ભાષીય સાહિત્ય મર્મજ્ઞો આ ઉજવણીનો ભાગ બન્યા હતા. સાહિત્ય અકાદેમી- નવી દિલ્હી, ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી નડિયાદ, કવિવર્ય રાજેન્દ્ર શાહ જન્મ શતાબ્દી ઉજવણી સમિતિ -કપડવંજ, સરદાર પટેલ યુનિવર્સિટી- વલ્લભવિદ્યાનગર, યુ.ટી.એસ. મહિલા આર્ટસ કોલેજ નડિયાદ, બળવંત પારેખ સેન્ટર ફોર જનરલ સિમેન્ટીકસ વગેરે સંસ્થાઓએ આ શતાબ્દી સ્મરણપર્વના આયોજનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના પ્રથમ ચરણ પ્રણતિમાં સાહિત્ય અકાદેમીના ગુજરાતી એડવાઈઝરી બોર્ડના કન્વીનર સિતાંશુ યશચંદ્રે કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી જ્યારે જ્ઞાનપીઠ અવોર્ડ વિજેતા ઉડિયા કવિ સીતાકાંત મહાપાત્રનું બીજ વકતવ્ય અને લાભશંકર ઠાકરનું વિડિયો વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. સાહિત્ય અકાદેમીના અધ્યક્ષ વિશ્વનાથપ્રસાદ તિવારીએ બે દિવસ ઉપસ્થિત રહી સાહિત્યને વધુ સંવાદિત બનાવવા અને પ્રજા સુધી વધુ પહોંચવા માટેનાં સુચનો વ્યાખ્યાન દરમ્યાન પ્રસ્તુત કર્યા હતા.

ચંદ્રકાન્ત ટોપીવાળા, ચંદ્રકાંત શેઠ, શિરીષ પંચાલ, સુમન શાહ, રમણ સોની જેવા વિવેચકોની રસકીય ભૂમિકા, બીજી તરફ દિલીપ ઝવેરી અને જ્યોત્સના મિલન દ્વારા રાજેન્દ્ર શાહના જીવન અંગેની અંતરંગ વાતો રજૂ કરી હતી. રાજેન્દ્ર શાહની કવિતાનો કાવ્ય પાઠ નિરંજન ભગત, ઉષા ઉપાધ્યાય, મણિલાલ પટેલ, દલપત પઢીયાર, નીરવ પટેલ, કમલ વોરા, હરીશ મીનાશ્રુ, રાજેશ પંડ્યા વગેરે કવિઓના મુખે સાંભળવા મળ્યો હતો. કાવ્ય પાઠની સાથે કાવ્ય આસ્વાદની ભૂમિકા પણ બંધાઈ હતી.

આ ઉપરાંત એમ.એસ. યુનિવર્સિટીના નૃત્ય વિભાગના વડા ડૉ. પારૂલ શાહ અને એમના સાથીઓ સાથે રાજેન્દ્ર શાહના કાવ્યો આધારિત નૃત્ય પાઠ કરાયો હતો. ત્યારબાદ અમર ભટ્ટ દ્વારા સર્જકની કવિતાને સૂરને લયબદ્ધ કરાઈ હતી ત્યારે સમગ્ર વાતાવરણ રાજેન્દ્રમય બન્યું હતું. આ વિશિષ્ટ પ્રયોગે સાહિત્ય-નૃત્ય - સંગીત ત્રણેય કળાના માધ્યમોનો સુભગ સમન્વય, કેવી રસકીય સૃષ્ટિ રચે છે, તેનો અનુભવ કરાવ્યો હતો. બીજે દિવસે શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક અને હસિત મહેતા સાથેનો નડિયાદના સાક્ષર પાત્રનો પ્રવાસ આપણા સમાજ, ઈતિહાસ

અને ભૂતકાલીન સંસ્કૃતિની છબીને આબાદ રીતે રજૂ કરતો વિદ્યાકીય અનુભવ બની રહ્યો હતો. ગોવર્ધનરામ ત્રિપાઠીનું ઘર, તેમનો હીંચકો, તેમનું ટેબલ માત્ર વિદ્યાર્થીઓને જ નહીં પરંતુ ઉપસ્થિત સર્વ સાહિત્ય ભાવકોને પણ સ્પર્શી ગયાં. નડિયાદથી કપડવંજની યાત્રા રાજેન્દ્ર શાહના ઘર અને એમના ગામની યાત્રા હતી. કવિ જે સ્કૂલમાં ભણ્યા તે સ્કૂલના એક ઓરડાને કવિના નામે અર્પણ કરાયો અને ત્યાંજ તેમના સ્મરણો રૂપી પ્રદર્શન મુકાયું. રાષ્ટ્ર ધ્વજને બચાવતાં તેમને જે ટાવર પરથી કૂદકો માર્યો હતો તે જગ્યાને પ્રત્યેક્ષ રૂપે જોઈ અને કવિના પુત્ર કૈવલ્ય ભાઈએ ત્યારે કવિના એ સંભારણા યાદ કર્યા. સહુ સાહિત્ય રસિકોના આ પ્રવાસ વખત ગામના પ્રજાજનોએ રસ્તામાં ફૂલો વેરી સહુનું સ્વાગત કર્યું હતું અને ગામના જ લોકો દ્વારા રાતના ટાવર પાસેની વાવને ૫૦૦૦ દીવાથી શણગારવામાં આવી હતી. આ સુંદર દૃશ્ય અને ભાવ હાજર રહેલા સહુના હૃદયમાં આજીવન અંકિત ન થયો હોય તો જ નવાઈ. ગુજરાતી ભાષાના જ્ઞાનપીઠ વિજેતા કવિના ઘરને જોવાનો એક વિશિષ્ટ ઉપક્રમ યોજાયો અને આ રીતે કવિની ભાવસૃષ્ટિમાં ડોકિયું કરવાની તક પણ પ્રાપ્ત થઈ હતી. હાજર રહેલા વિદ્યાર્થીઓ અને રસિકોએ સર્જકના ઘરની બહાર કવિના ગીતોને મન ભરીને ગાયા હતા ત્યારે સમગ્ર કપડવંજની હવા રાજેન્દ્રમય બની હતી. બંગાળી ભાષાના નબનીતા દેવ સેન પણ અંતિમ બે દિવસ સાથે રહીને આ પરિસંવાદનાં ભાવક બન્યાં હતાં. બીજા અનેક સાહિત્ય વિદ્વાનો જેવા કે જયદેવ શુક્લ, હિમાંશી શેલત, વીનેશ અંતાણી, ચીનુ મોદી, યોગેશ જોશી, રાજેન્દ્રભાઈ, વસંત જોશી વગેરે હાજર રહ્યાં હતાં. ઉપરાંત નડિયાદ કોલેજ, ગુજરાત વિદ્યાપીઠ, એમ. એસ. યુનિવર્સિટી, એસ. પી. યુનિવર્સિટી વગેરે સંકુલોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ત્રણેય દિવસ હાજર રહ્યા હતા.

સરદાર વલ્લભ યુનિવર્સિટીના કુલપતિશ્રી હરિશ પાઢે સમાપન સમારંભમાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમ અંગે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. તેમજ સાહિત્ય અને વિજ્ઞાન વચ્ચેનો સંબંધ રેખાંકીત કરી આપ્યો હતો. કન્વીનરશ્રી સિતાંશુ યશચંદ્રની વિશેષ દૃષ્ટિથી આયોજિત આ શતાબ્દી અવસર કવિ રાજેન્દ્ર શાહ અને ગુજરાતી સાહિત્ય માટે વિદ્વતાપૂર્ણ, વ્યાપ અને ઊંડાણ સર કરતો બની રહ્યો હતો. હસિત મહેતા સુચારુ સંચાલને કાર્યક્રમને કલાકીય રીતે આકારિત કરી બતાવ્યો હતો. ગુજરાતી પ્રાજ પોતાના સર્જકને અનન્વય રીતે માણી શકે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ કહી શકાય જ.

નવા વર્ષે ખુશખુશાલ રહેવાનાં પંદર રહસ્ય

(૧) ખુશખુશાલ રહેવાનો નિર્ધાર કરો. ખુશી વધારે મન સાથે જોડાયેલ છે તેથી મન મક્કમ કરી સદા સ્મિતસભર રહેવાનું નક્કી કરો. સ્મિત કરો તો સામે સ્મિત જ મળે છે, તે ચેપી છે. સસ્નેહ સ્મિત કરવાથી આંતરિક ખુશી અને બાહ્ય ખુશી બંને મળે છે. સ્વ વિકાસ માટે સ્વને-જાતને પ્રેમ કરો સાથોસાથ સહૃદયી - નિઃસ્વાર્થી બની સગાં-સંબંધી અને અન્ય સૌને પણ પ્રેમ કરો.

(૨) સૌને સ્નેહ કરો - મહર્ષિ પતંજલીનું આ જીવનસૂત્ર અનુસરો : ''શ્વાસે શ્વાસે સૌને સ્નેહ કરો અને ભૂલ થયે માફી માગો અને આપો.'' અહ્‌મને ઓગાળો. માનવમાત્ર પ્રેમને પાત્ર ગણો તો ઝઘડા નહિ થાય, સંઘર્ષ નહિ થાય, તાણ-તણાવથી બચાશે અને સદા સ્મિત અને હાસ્યસભર રહેવાની સુટેવ પાડવાથી તમારૂં તન અને મન ખુશીથી ભરપુર રહેશે. ખુદ ખુશ રહો ને ખુશી વહેંચો.

(૩) કસો કસરત રહો તંદુરસ્ત. રોજ એકાદ કલાક મનગમતી કસરત કરો તો તન-મન સ્વસ્થ રહેશે. વ્યાયામનો કોઇ જ વિકલ્પ નથી.

(૪) મનોરંજન અને રીલેકસેશન એ એક અગત્યની જરૂરીયાત હોઇ તે માટે સમય અને બજેટ ફાળવો. તે જ રીતે સમયાંતરે પ્રવાસ-પર્યટનનું આયોજન કરો તથા બને તેટલું ગમતા લોકો સાથે હળવા-મળવાનું (Socialistion) વધુ રાખો.

(૫) મનગમતું કામ કરો અથવા જે તે કામને મનગમતું બનાવો. આનંદ આવે તેવી પ્રવૃત્તિઓ કરવાથી થાક નથી લાગતો, સ્ફૂર્તિ અને ઉત્સાહ રહે છે. સમયસર આયોજનબદ્ધ કામ કરવાથી ઉતાવળમાં ભૂલો થકી અટકે છે, છેલ્લી ઘડીએ બેબાકળા બની કામ કરવાથી થતું ટેન્શન નિવારાય છે.

(૬) ગાઢ નિંદ્રા માટે પૂરતો પરિશ્રમ કરો, માનસિક શાંતિ રાખો અને અમૃત આહાર લો. સારી ઊંઘથી થાક ઉતરી જાય છે. તન મને મનમાં ફરી જોમ આવે છે, સ્ફૂર્તિ સારી રહે છે.

(૭) ખાતા-પીતાં શીખો-વ્યસનમુક્ત રહો. જેવું અન્ન તેવું તન અને મન, તેથી અમૃત આહારની આ ફોર્મ્યુલા અનુસરો :

(અ) ૩૦% લીલાં શાકભાજીને સલાડ

(બ) ૫૦% પ્રોટીનયુક્ત લોહતત્વસભર રેસવાળો આહાર અને,

(ક) ૨૦% ફળફયાદી (રોજ બે-ત્રણ ફળ)

આ ત્રણેય સજીવ ખેતીથી ઉત્પાદિત હોય. સંશોધન અભ્યાસથી પણ સાબિત થયું છે કે લીલા શાકભાજી અને ફળ ખાનાર વ્યક્તિ બીજા કરતાં ૩૪% વધુ ખુશ રહે છે.

(૮) હંમેશા મીઠી-મધુરી વાણી જ બોલો જે ખુશી લાવે છે. કડવી - કર્કશ વાણી કદી ન બોલો જે ગમ લાવે છે. વધુમાં વધું સારૂં સાંભળો, સારૂં જુઓ ને સારૂં જ કહો.

(૯) સારા મજાના પ્રસંગો યાદ કરી મનમાં ને મનમાં શ્રીકૃષ્ણની જેમ મરક મરક હસતાં-મલકાતાં રહેવાની ટેવ પાડો. દુઃખદ બીનાઓ ભૂલી, ભવિષ્યની ચિંતા છોડો, વર્તમાનની દરેક પળ આનંદથી માણો.

'ઇશ્વરને ગમ્યું તે સાચું અને તે મને સ્વીકાર્ય'ની ફિલસુફી જીવનમાં અપનાવો

(૧૦) હંમેશા શુભ શુભ જ વિચારો, જેવું વિચારશો તેવું પામશો. વિવાદ નહિ પણ સ્નેહથી સંવાદ કરો.

(૧૧) જીવનચર્યા અને દિનચર્યા એવી ઘડો કે જેથી 'હંમેશા ખુશી મીલે ઓર કભી ન મિલે ગમ' કદાચ ગમ આવી જાય તો પ્રાર્થના, ધ્યાન -પ્રાણાયામથી દુઃખમાં પણ સ્થિતપ્રજ્ઞ બની રહી ખુશી રહી શકશો. વધુમાં ગીતોનો ઉપદેશ અનુસરી ફળની આશા ન રખી સાચા કર્મયોગી બનો અને સંતોષનું મહાસુખ માણો.

(૧૨) 'ઇશ્વરને ગમ્યું તે સાચું અને તે મને સ્વીકાર્ય'ની ફિલસુફી જીવનમાં અપનાવો.

(૧૩) નિયમિત યોગાભ્યાસ કરી યોગ એટલે આત્માનું પરમાત્મા સાથે મિલનનો અનુભવ કરો તો તમે મનને જીતી પ્રસન્ન જીવન જીવી શકશો અને ખુશીનો હરનાર તાણ-તણાવની સદા દૂર જ રહેશો. મનને પરમ (આત્મા) સાથે જોડો તો બેડો પાર!

(૧૪) સદા હસતે રહો, હસાતે રહો, કોઇ ટીકા કરે તો મન પર ન લેતાં તેને હસી કાંઢો.

(૧૫) સમાજમાં જો બધા નાખુશ અને દુઃખી હોય તો આપણે એકલાં ખુશ કેવી રીતે રહી શકીએ? માણસ સામાજિક પ્રાણી છે. બધાની ખુશીમાં જ આપણી ખુશી ચિરદાયી બની રહે છે. તેથી માનવમાત્રમાં રહેલ કરૂણાને સેવાભાવના જેવા માનવીય ઉમદા ગુણોને ઉજાગર કરો. બંને પક્ષે ખુશી આપનાર માનવસેવાને જીવનમંત્ર બનાવો તો 'જોય ઑફ ગીવીંગની અનહદ ખુશીનો તમને અહેસાસ થશે. આમ. 'સૌ રહે ખુશી'ની સ